ગાંધીનગર સમાચાર

આજથી નાના બાળાઓના ગૌરીવ્રતનો પ્રારંભ



# અમદાવાદ-ખેડા ડિસ્ટ્રીક્ટ એર રાયફલ શુટિંગમાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યા

## ૩ ગોલ્ડ અને ૪ સિલ્વર સાથે કુલ ૯ મેડલ્સ હાંસલ કર્યા : મમતા સ્પોર્ટસના જીલ પટેલે ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ જીત્યો

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદના ખાનપુરમાં રાયફલ કલબ ખાતે તાજેતરમાં યોજાયેલ અમદાવાદ અને ખેડા ડિસ્ટ્રીક્ટ એર રાયફલ શુટિંગ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યા હતા. ગાંધીનગરના ખેલાડીઓએ ૩ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સહિત કુલ ૯ મેડલ્સ જીત્યા બતા. ગાંધીનગરના જીલ પટેલે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતાં ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ હાંસલ કર્યોહતો.

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસમાં આર.એન. લલિતકલા એકેડમી સંચાલિત મમતા સ્પોટ્ર્સ સેન્ટરના ખેલાડીઓએ અમદાવાદ ખાતે યોજાયેલ રાયફલ અને એર પિસ્ટલ શુટિંગની ડિસ્ટ્રીક્ટ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. આ ખેલાડીઓમાં જય મહેતાએ પીપસાઈટ જુનિયરમેન વિભાગમાં ગોલ્ડ મેડલ અને જીલ પટેલે ઓપન સાઈટ મેન વિભાગમાં તેમજ ઓપન સાઈટ યુથ મેન વિભાગમાં ગોલ્ડ મેડલ્સ મેળવ્યો છે. આ સાથે પીપ સાઈટ વિમેન વિભાગમાં વૈશાલી કાપડીયાએ સિલ્વર અને અવની ચૌહાણે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. જ્યારે અનુજ પટેલે પીપ સાઈટ મેન વિભાગમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. એર રાયફલના ઓપનસાઈડ જુનિયર મેન વિભાગમાં જીલ પટેલે સિલ્વર મેડલ અને દિશાંત સોલંકીએ ઓપન સાઈટ યુથ મેન વિભાગમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. આ ઉપરાંત ગાંધીનગરના ખેલાડી મનહરસિંહ ઝાલાએ એર પિસ્ટલ શુટિંગમાં મેન વિભાગમાં સિલ્વર મેડલ જીત્યો છે.

# જિલ્લા કક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજાઈ

## શહેરની પ્રેરણા વિદ્યાલય શેઠ સી.એમ. વિદ્યાલય અને સે. ૩ સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૬

શહેરના સેક્ટર-૩ સ્થિત સરસ્વતી વિદ્યાલયમાં જિલ્લાકક્ષાની અંડર-૧૪, ૧૭ અને ૧૯ ફેન્સીંગ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં જિલ્લાની મોટાભાગની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રમત-ગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે જિલ્લા ફેન્સીંગ એસોસિએશન અને ગુજરાત સ્પોર્ટસ એકેડેમી દ્વારા જિલ્લાકક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધા અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ ત્રણ કેટેગરીમાં યોજાઈ હતી.

સેક્ટર-૩ સરસ્વતી વિદ્યાલય ખાતે યોજાયેલ સ્પર્ધામાં શહેરની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સેકટર-૫ પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૨૩ શેઠ સીએમ. હાઈસ્કૂલ, સેક્ટર-૩ સરસ્વતી વિદ્યાલયના ૭૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં અંડર-૧૪ ભાઈઓમાં ફોઈલમાં મેહુલ યાદવ, ઈ.પી.મા. નિહારવાળા અને સેલરમાં હર્ષિલ રાવલ, બહેનોમાં ઈ.પી.માં હેલી શાહ વિજેતા બન્યા હતા. અંડર-૧૭ ભાઈઓમાં ફોઈલમાં ભવ્ય રાણા, ઈપીમા ભાવિક કિશોરી અને સેલરમાં સુરેશ ઠાકોર પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. બહેનો વિભાગમાં ઈપીમાં પાર્વતી ઠાકોર, ફોઈલમાં અંકિતા વાઘેલા અને સેલરમાં નેહા શાહ પ્રથમ આવ્યા હતા.

અંડર-૧૯ વયજૂથ ભાઈઓમાં ફોઈલમાં મિતેષ યાદવ, ઈપીમાં મનીષ યાદવ, બહેનો વિભાગમાં સંધ્યા વાઘેલા, ઈપીમાં રોશની નાયી અને સેલરમાં કિંજલ મુનિયા વિજેતા બન્યા હતા. તમામ વિજેતા વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

આ પ્રસંગે એસોસિએશન ચેરમેન ડી.એમ. વાટલીયા, ભરતજી ઠાકોર, ભૂપેન્દ્ર ક્ષોત્રીય, ઠાકોર વિકાસ, સંઘના ટ્રસ્ટી નાનજીભાઈ ઠાકોર, મહોબતજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## વાત વાતમાં...

- પરોઢિયે ૪ વાગ્યાના સુમારે સે-૬માં વીજ ડીપીમાં શોર્ટ સર્કિટ થવાથી લાઈટો ગુલ થઈ ગઈ હતી. એક જાગૃત રહીશે ટોરન્ટ પાવરમાં ફોન કરતા અડધા કલાકમાં લાઈટ ચાલુ કરી દેવાઈ હતી. જો કે આ શોર્ટ સર્કિટના સેકટરની બે ત્રણ સ્ટ્રીટ લાઈટ પણ બળી જવા પામી છે.
- ગાંધીનગરના નાટયકાર કુંતલ નિમાવત જાણીતા અભિનેતા ભરત ઠકકર અને મુરલી પટેલ સાથે નૈનિતાલ ખાતે પાયલોટ બાબાના આશ્રમમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં યોજાનાર નાટકમાં ભાગ લેવા રવાના થયા હતા. પાયલોટ બાબાના જીવન આધારિત આ નાટકમાં કુંતલ નિમાવત બાબાના ગુરુનો રોલ અદા કરી રહ્યાં છે.
- ચ-૩ પાસો મોનસુન મહોત્સવ બાલનગરીમાં શનિવારે હિન્દી ફિલ્મોના વિલન શિવા અને રવવારે આઈટમ ગર્લ એની પરફોર્મ કરવાના હતા પરંતુ વરસાદના કારણે બંને કાર્યક્રમ મોકુફ રહ્યા હતા. અભિનેતા શિવા તો બાલનગરીમાં આવી ચુકયા હતા અને ફલાઈટ કેન્સલ કરવા છતાં બીજા દિવસે પણ તેમનો શો થઈ શકયો નહીં.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# ગાંધીનગરના તસવીરકાર નિકુંજ વૈશ્યકની તસવીરોનું પ્રદર્શન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના જાણીતા તસવીરકાર નિકુંજભાઈ પી. વૈશ્યકની તસવીરોનું બીજુ પ્રદર્શન યોજાયું છે. ગઈકાલ શનિવારે અમદાવાદ સ્થિત રવિશંકર રાવલ આર્ટ ગેલેરી ખાતે પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું છે. પ્રદર્શન તા. ૨૭ જુલાઈ સુધી ખુલ્લુ રહેશે.

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરષોત્તમ રૂપાલા ભારતીય જનતા પાર્ટી, પ્રવિણભાઈ પંડ્યા ચેરમેન અતિપછાત આર્થિક વિકાસ નિગમ, યોગેશભાઈ ગઢવી અધ્યક્ષ સંગીત અને નાટ્ય અકાદમી ગુજરાત રાજ્ય મ્યુ.કો. સવિતાબેન શ્રીમાળીએ હાજરી આપી કલાકારને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હુતું. અમદાવાદ તેમજ ગાંધીનગરના ફોટોગ્રાફરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

નિકુંજભાઈ પી. વૈશ્યકના જણાવ્યા મુજબ તેમણે જે રજુ કર્યુ છે તે તેમની ૩૦ વર્ષની ઓપ્ટીકલ ટુ ડિઝિટલ સુધીની યાત્રા છે. તેમની તસવીરોમાં પ્રકૃતિ પ્રેમ છલકાતો જોવા મળે છે. કેટલીક તસવીરોમાં કરેલી ક્લીક મનમોહી લે તેવી છે. સુંદર લેન્ડસ્કેપની સાથે બર્ડસ એનીમલ્સ અને લોક સંસ્કૃતિને પણ સ્પર્શવાનો પ્રયત્ન કર્યો છે. હવે પછી ગાંધીનગરમાં તેમજ રાજ્ય બહાર પ્રદર્શન યોજવાનું તેમનું આયોજન છે.

તા. ૨૫-૭-૨૦૧૫ થી તા. ૨૭-૭-૨૦૧૫ સુધી બપોરના ૧૨ થી સાંજે ૭.૦૦ કલાક સુધી પ્રદર્શન રવિશંકર રાવલ આર્ટગેલેરી લૉ ગાર્ડન અમદાવાદ ખાતે ચાલુ રહેશે દરેક કલા રસિકોએ એક વખત અચૂક તસવીર પ્રદર્શનને જોવા માટે અનુરોધ કર્યો છે.



**વાવોલની શાંતિનગરમાં વૃક્ષારોપણ**

ગાંધીનગરના ક-રોડ પર ગુડા વિસ્તાર વાવોલ ખાતે શાંતિનગર સોસાયટીના રહીશોએ આજે અષાઢી વરસાદના માહોલમાં વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું હતું. સોસાયટીના ગાર્ડન અને કમ્પાઉન્ડ વોલની પાસેની જગ્યામાં રહીશોએ વૃક્ષો વાવ્યા હતા. (તસવીર : સમીર રામી)

## સિવિલમાં દાખલ ભૂલકાઓને ફ્રુટ ખવડાવ્યા

ગાંધીનગર, તા. ૨૬

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ નાના બાળકોને ફળ-ફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. હોસ્પિટલમાં નાના ભૂલકાઓને બબુપોચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, સહમંત્રી દશરથલાલ પરમાર, ખજાનચી દિલીપસિંહ રાજપૂત સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સહયોગ મંડળ દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે અનેક સેવાકીય કાર્ય કરવામાં આવે છે.

## સરઢવ હાઈસ્કૂલમાં ખો-ખો સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર પાસે આવેલ સરઢવ હાઈસ્કૂલ ખાતે રાંધેજા વિભાગની ખો-ખો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં લીંબોદરા પી.પી.આર. શાહ શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. જેની તાલીમ શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત દ્વારા આપવામાં આવી હતી. શાળાની ટીમ વિજેતા થતા શાળાના આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

# પીએસઆઈ-એએસઆઈના ઈન્ટરવ્યુમાં યાકુબ, વિસ્મય અને વ્યાપમ છવાયા : ઈન્ટરવ્યુઅર પરેશાન

## ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં યાકુબ મેમણ, વિસ્મય શાહ અને વ્યાપમ કૌભાંડ સિવાયની ઘટના કે ટોપીક વિશે વાત કરો તેવુ સ્પષ્ટ સૂચન ઈન્ટરવ્યુઅર કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૬

બોલો... તમે તાજેતરની કઈ મહત્વની ઘટના અથવા બનાવથી વાકેફ કે માહિતગાર છો... ઈન્ટરવ્યુઅરના આ પ્રશ્ન પુછતા જ પી.એસ.આઈ.ની મૌખિક પરીક્ષા આપતા ઉમેદવારો માત્ર યાકુબ મેમણ, વિસ્મય શાહ અને વ્યાપમ કૌભાંડ વિશે જ માહિતી આપે છે. વારંવાર આ ત્રણેય ઘટનાથી ઈન્ટરવ્યુઅર પણ કંટાળી ગયા છે અને આ ત્રણ ટોપીક-સિવાય અન્ય કોઈ ટોપીક પર વાત કરવા સ્પષ્ટ સૂચન કર્યુ છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા ગત ૨૦મી જુલાઈથી એ.એસ.આઈ. અને પી.એસ.આઈ.ની અંતિમ મૌખિક કસોટી ચાલી રહી છે. કરાઈ અકાદમી ખાતે અલગ અલગ ચાર ઈન્ટરવ્યુઅરની પાંચ પેનલ ઈન્ટરવ્યુ લઈ રહી છે.

મૌખિક કસોટીમાં ઈન્ટરવ્યુઅર પેનલ ઉમેદવારોને જુદા જુદા અભ્યાસના વિષય અને તેના અંગે માહિતી વિશે પુછે છે. જ્યારે આ પેનલ કોઈ ઉમેદવારને તાજેતરની મહત્વની ઘટના વિશે પુછતા જ ઉમેદવારોમાં ૯૫ ટકા ઉમેદવારો માત્ર વિસ્મય શાહ, યાકુબ મેમણ અને વ્યાપમ કૌભાંડ વિશે જ માહિતી આપે છે. જ્યારે ૫ ટકા ઉમેદવારો જ કંઈ અલગ ઘટના અંગે વાત કરે છે.

પી.એસ.આઈ.-એ.એસ.આઈ.ના મૌખિક ઈન્ટરવ્યુમાં ઈન્ટરવ્યુઅર ખુદ વિસ્મય, યાકુબ અને વ્યાપમની ઘટનાથી એટલા કંટાળી ગયા છે કે ઉમેદવારોને ઈન્ટરવ્યુ દરમિયાન આ ત્રણ ઘટના વિશેની વાત ન કરવા સ્પષ્ટ શબ્દોમાં જણાવી રહ્યા છે. જ્યારે મજાની વાત તો એ છે કે મોટા ભાગના ઉમેદવારો પણ આ જ ત્રણેય ઘટનાની તૈયારી કરીને જાય છે અને ઈન્ટરવ્યુર દ્વારા તાજેતરની ઘટના અંગે પ્રશ્ન પુછતા જ ઉમેદવારો આ ત્રણેયમાંથી કોઈ પણ એકની લાંબી લચક માહિતી આપી દે છે.

## સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

સેકટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે. પ્રકાશના ઉપયોગો, શકયતાઓ અને પડકાર વિષય પર આગામી ૨૮ જુલાઈના રોજ યોજાશે.

નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝિયમ મુંબઈ દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગ રૂપે સે-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ૨૮ જુલાઈ મંગળવાર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેમિનાર યોજાશે.

સેમિનારમાં વિદ્યાર્થીઓએ ૭ મિનિટમાં વિષયને અનુરૂપ ચાર્ટસ, સ્લાઈડસ, કોમ્પ્યુટર પીપીટીમાંથી કોઈ પણ એક ચાર્ટસ રજૂ કરવાનો રહેશે. સ્પર્ધામાં એક માધ્યમિક શાળામાંથી એક વિદ્યાર્થી ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઓર્ડિનેટર હાર્દિક મકવાણા ૯૪૨૬૪૫૧૧૦૨ અને શિવાંગ પટેલ ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# સમાજમાં પરિવર્તન સત્તાથી નહિ સતથી આવશે : પ.પૂ. મોરારિ બાપુ

## કેન્યાના નિયારે ખાતે બાપુની વ્યાસપીઠે ૭૬૦મી રામકથાનું આયોજન : મોટી સંખ્યામાં ગુજરાતના ભકતો ઉપસ્થિત

ગાંધીનગર, તા. ૨૬

કેન્યાના નિયારે ખાતે પ.પૂ. મોરારિ બાપુની વ્યાસપીઠે ૭૬૦મી રામકથા યોજાઈ રહી છે. કથામાં સૌરાષ્ટ્ર અને રાજયના કલાના કસબીઓ, કથા સ્થળે પહોંચી બાપુની કથાની સાથે સત્સંગ માણી રહ્યા છે. દિવસે દિવસે કથામાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

પૂજય બાપુએ કથા દરમિયાન જણાવ્યું હતું કે કથા યાત્રા સમાજને જોડવા માટે છે. સમાજમાં પરિવર્તન સત્તાથી નહિ પણ સતથી આવશે. કોમ કોમમાં વૈમનસ્યને બદલે ભાવાત્મક ઐકય કેળવાય. સામાજીક સમરસતા, સંવાદિતા અને સમન્વય સધાય તે માટેના પ્રયત્નો રહ્યા છે.

બાપુ દુબઈ (યુએઈ) અને મસ્તક (ઓમાન) જેવા મુસ્લિમ દેશો અને જેરૂસલેમ તથા રોમ જેવા ઈસાઈ દેશોમાં કથા કરી ચુકયા છે. લગભગ પ્રત્યેક કથામાં રામ, કૃષ્ણ, શિવ ઉપરાંત અલ્લાહ, જીસસ, વાહે ગુરુ, બુદ્ધ અને મહાવીરના સંકીર્તન થાય છે.

બાપુએ આ કથામાં અને પહેલા પણ પોથી લઈને પાકિસ્તાન પહોંચવાની ઈચ્છા વ્યકત કરી છે. વર્તમાન સમયની બંને દેશો વચ્ચેની થોડી ચિંતાજનક રાજકીય ઉગ્રતાના વાતાવરણમાં બાપુની કથા દ્વારા ક્રાન્તિ થઈ શકે એવું જણાય છે. ગાંધી બાપુના સત્યના પ્રયોગો પછી મોરારિબાપુના સત્સંગના પ્રયોગો સામે સમગ્ર વિશ્વ આશાભરી મીટ માંડીને બેઠું છે.

# સાર્વત્રીક વરસાદ થતાં રાજ્યમાં સરેરાશ વરસાદ સામે ૩૩.૯૪ ટકા વરસાદ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં ફરીને ચોમાસુ સક્રિય થવા પામ્યું છે. સૌરાષ્ટ્ર બાદ હવે બીજા તબક્કામાં શરૂ થયેલ વરસાદે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને પાણી પાણી કરી દીધુ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ મનમુકીને પધરામણી કરતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે. જો કે હજુ રાજ્યમાં સરેરાશ સામે માત્ર ૩૩.૯૪ ટકા જ વરસાદ નોંધાયો છે.

રાજ્ય પૂર નિયંત્રણકક્ષાના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં બીજા રાઉન્ડમાં શરૂ થયેલ વરસાદમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા પાટણ, મહેસાણા, સાબરકાંઠા જિલ્લામાં સાંબેલાધાર સાર્વત્રીક વરસાદ થવા પામ્યો છે.

આ ઉપરાંત મધ્ય ગુજરાતમાં પણ ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા સહીતના જિલ્લાઓમાં પણ સાર્વત્રીક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

બીજા રાઉન્ડમાં સમગ્ર રાજ્યમાં સાર્વત્રીક સારો વરસાદ થતાં પીવાના પાણીની તંગીમાં રાહત થવા પામી છે. એટલું જ નહી ખેતી માટે પણ રાહતના સમાચાર છે.

# આજથી નાની બાળાઓના ગૌરીવ્રતનો પ્રારંભ

## બુધવારથી જયા પાર્વતી વ્રત શરૂ થશે, ગુણીયલ વર પ્રાપ્તિ માટે ભોળાનાથ, પાર્વતીનું આ વ્રતમાં પૂજન કરાય છે

ગાંધીનગર, તા. ૨૬

અષાઢ સુદ અગ્યારસને સોમવારથી ગૌરીવ્રતનો પ્રારંભ થશે. ગૌરીવ્રત પાંચ વર્ષથી દસ વર્ષ સુધીની નાની બાળાઓ કરે છે. જેમાં ચાર દિવસ સુધી ભોજન એક ટંક મીઠા વગરનું કરે છે અને પાંચમા દિવસે ઉજવણી કરી રાત્રી જાગરણ કરે છે. અષાઢ સુદ તેરસથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ થાય છે. જેમાં દસ વર્ષથી ઉપરની તમામ કિશોરીઓ આ વ્રત કરે છે. શંકર ભગવાન, પાર્વતી અને ગણેશના પૂજનનું આ વ્રમતાં મહિમા રહ્યો છે. બાળાઓના આ વ્રત દરમ્યાન ઉપવાસ મહત્વના બને છે જેથી બજારમાં રાજગરાસેવ, મુક્તિ અને લીલી ખજુરની સૌથી વધુ માંગ ઉભી થાય છે.



આજથી પવિત્ર એવા ગૌરીવ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. ગૌરી વ્રત સારા વરની પ્રાપ્તિ માટે કરવાનો મહિમા રહેલો છે અને તે પાંચ વર્ષથી દસ વર્ષ સુધીની નાની બાળાઓ કરે છે. અષાઢ સુદ પાંચમે ગૌરીવ્રતના જવેરા વવાય છે જેમાં એક માટીના કોડીયામાં ઘઉં, ડાંગર, મગ અને જવના દાણા ખાતરમાં ભેળવી તૈયાર કરાય છે. પાંચ દિવસ સુધી પાણી, ખાતર કરી તેનો ઉછેર કરાય છે. જેથી તે જવેરા સ્વરૂપે ઉગી નીકળે છે અને અષાઢ સુદ અગ્યારસથી વ્રતના પ્રારંભે તેનું પૂજન કરાય છે. બાળાઓ વહેલી સવારે કંકુવાળુ રૂ કરીને હાર બનાવી આ જવેરાને પહેરાવી અબિલ, ગુલાલ વગેરેથી પૂજન કરે છે અને ઘર આંગણે જારના સાંઠાનું નાનકડુ ખેતર બનાવી તેનુ પણ પૂજન કરે છે. વ્રત દરમ્યાન એટલે કે ચાર દિવસ સુધી એક જ અનાજનું બનાવેલુ મીઠા વગરનું એક જ ટંક ભોજન આરોગી ઉપવાસ થાય છે. જેમાં સુકો મેવો, ફળફળાદિ, દૂધ તથા શીખંડ વગેરે ઉપવાસમાં લેવાય છે. દરમ્યાન મુક્તિ, રાજગરાની સેવ અને લીલી ખજુર એ બાળાઓમાં અતિ પસંદગીની ખાદ્ય ચિજ બનતા તેની બોલબાલા રહે છે. પાંચમા દિવસે ઉજવણી થાય છે જેમાં ભર્યુ ભોજન એક ટંક લેવાય છે અને રાત્રીએ બાર વાગ્યા સુધી જાગરણ થાય છે.

વ્રત દરમ્યાન બાળાઓ નિત નવા વસ્ત્રો પહેરે છે અને બાગ-બગીચામાં આનંદ અને મનોરંજન કરે છે. ગૌરીવ્રતની પુર્ણાહૂતિ પૂનમના દિવસો થાય છે જ્યારે જયા પાર્વતી વ્રતનો પ્રારંભ અષાઢ સુદ તેરસથી થાય છે. જેમાં દસ વર્ષથી ઉપરની કિશોરીઓ આ વ્રત કરે છે. વહેલી સવારે મહાદેવના મંદિરમાં શંકર ભગવાન, પાર્વતી અને ગણેશજીનું પૂજન કરાય છે. અને પ્રથમ દિવસે નકોરડો ઉપવાસ રખાય છે તેમજ તેલ, ગોળ અને મીઠાનો વ્રત દરમ્યાન ત્યાગ કરાય છે. અને અષાઢ વદ બીજના દિવસે પૂર્ણાહુતી સાથે આખી રાત્રીનું જાગરણ કરાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૌરીવ્રતના પાંચ વર્ષ પુર્ણ થયા બાદ જયા પાર્વતી વ્રત કરાવવાનો મહિમા છે. બન્ને વ્રતમાં શિવજીના પૂજન થકી ગુણીયલ પતિ અને વિદ્યાભ્યાસમાં લાભ મળવાનો હેતુ સમાયેલો છે.